**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરના પતંગ બજારમાં અછતને પગલે ભાવવધારો

ગાંધીનગર, તા.૬
ઉત્તરાયણના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા મંજુરી મળતા જ સેક્ટર-૨૧ અને સેક્ટર-૧૧ મેદાન ખાતે પતંગ-દોરીના સ્ટોલ ઉભા થઈ ગયા છે. પરંતુ આ વર્ષની ઉતરાયણમાં પણ કોરોનાની અસર જોવા મળશે. આ વર્ષે બજારમાં પતંગની અછતને પગલે પતંગની કોડીનો ભાવ ઉંચો રહેશે. જયારે નાના બાળકો માટે અવનવી ફેન્સી પતંગ અને વિવિધ ચીજવસ્તુઓ બજારમાં આવી ગઈ છે. ત્યારે વેપારીઓ પણ કોરોના મહામારીને પગલે મોં પર માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે વેપાર કરવા માટે સજ્જ થયા છે.

કોરોનાને લીધે વર્ષ દરમિયાન બધા જ તહેવારોની ઉજવણી ફીક્કી થઈ છે ત્યારે શહેરીજનો હવે તેમના માનીતા તહેવાર ઉત્તરાયણને ઉજવવા ખુબ ઉત્સુક છે. માસ્ક, સેનીટાઈઝર, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરીને તથા પતંગો મોંઘી હોય તો થોડી પણ ઉડાડવા માટે શહેરીજનો આતુર બન્યા છે.

હાલ કોરોનામાં શાળા-કોલેજ બંધ હોવાથી સાંજ ઢળતા જ આકાશમાં પતંગ ઉડતી નજરે પડી રહી છે. ઉતરાયણના પર્વને અઠવાડીયાનો સમય બાકી છે. પરંતુ શહેરના સેક્ટર-૨૧ અને રામકથા મેદાન ખાતે પતંગના સ્ટોલ લાગી ચુક્યા છે. ત્યારે રામકથા મેદાન ખાતે વેપારી સાથે વાતચીત કરતા જણાવ્યું કે આ વર્ષે કોરોના ઈફેકટને પગલે માર્કેટમાં પતંગ ઓછા બન્યા હોવાથી ભાવ હોલસેલ બજારમાં જ ઉંચો છે. જેને પગલે રીટેલમાં દર વર્ષ કરતા પતંગના કોડીના ભાવ ૯૦ થી ૧૨૦ રહેશે. જયારે અન્ય મોટી પતંગના ભાવ વધુ હશે. હાલના સમયે કેટલાક વેપારીઓ પતંગ ખરીદી માટે ગયા છે તો તેઓને પણ તંગીને પગલે પતંગ જોઈએ એટલી મળી રહી નથી. જયારે જથ્થાબંધમાં ૧૦૦૦ હજાર પતંગનો ભાવ રૂ. ૩૮૦૦ છે.

જયારે કોરોના મહામારીને પગલે દોરી રંગવા વાળા પણ ઓછા છે અને દોરી રંગાવવાવાળા પણ ઓછા હશે. જેથી દોરીમાં તૈયાર ફીરકીઓ વેચાણ થશે. જેમાં દોરીમાં ૯ તાર એક હજારવારનો ભાવ ૨૦૦ થી ૩૦૦, અને ૫ હજારવારમાં ૮૦૦ થી ૧૧૦૦ સુધીની ફીરકી વેચાણમાં છે. બજારમાં રીયાસત, સુરતી બરેલી, શિવમ, રાધે-ક્રિષ્ન, ભગવાન, યુસુફ સહિતની ફીરકીઓ તૈયાર છે. ત્યારે હાલના સમયે તો પતંગ બજારમાં બાળકો માટેની અવનવી પતંગો, ફીરકીઓ, બ્યુગલ, માસ્ક, ચશ્મા, ટોપી, સહિતની ચીજવસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

## શહેરના પતંગ બજારમાં કીનીયા બાંધેલી પતંગો મળશે



હવે બજારમાં કીનીયા બાંધેલી તૈયાર પતંગો મળશે. નાગરીકો પાસે ટાઈમના અભાવે કીનીયા બાંધેલી પતંગોની બોલબાલા છે. કીનીયા બાંધેલી પતંગની કોડીનો ભાવ રૂ.૧૩૦ની આસપાસ હશે.





ઉત્તરાયણનું પર્વ હવે નજીકમાં છે. તહેવારોની ઉજવણી આખું વર્ષ ફીકી રહી છે ત્યારે ઉત્તરાયણ પર્વનો હવે જાણે કે સૌને ઈંતઝાર છે. કોરોનાના કેસોમાં ઘટાડો આવ્યો છે સાથે જ વેકિસનેશનની તૈયારીઓ થઈ રહી છે ત્યારે ઉત્તરાયણનું પર્વ હર્ષોલ્લાસથી મનાવવા સૌ તૈયારીઓ કરી રહ્યા છે. સેકટર-૧૧ ખાતે પતંગનું બજાર ભરાય છે ત્યાં તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. દુકાનદારોએ દુકાનોના શેડ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરી દીધો છે.



વાવોલ-મુબારકપુરના પાટીદારોના કુળદેવી અડાલજ સ્થિત અન્નપૂર્ણા માતાજી છે. આ ગામના પાટીદારોએ પગપાળા સંઘ યોજયો હતો અને અન્નપૂર્ણા માતાજીના મંદિરે પહોંચી ધજા ચઢાવી પૂજા અર્ચના કરી હતી.

## કડવા પાટીદાર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૬
સંસ્થાના સભ્યદાતાશ્રી એસ.આર. પટેલના પૌત્ર અને ગાંધીનગરના તબીબ દંપતી ડૉ. અલ્પેશ પટેલ અને પૂર્વીબેન પટેલના સુપુત્ર શિવમ પટેલે જેઈઈ મુખ્ય પરીક્ષા-૨૦૨૦માં ૯૯.૯૬ ટકા ગુણ સાથે ગાંધીનગર શહેરમાં પ્રથમસ્થાન મેળવી સમસ્ત પાટીદાર સમાજનું અને આકાશ ઈન્સ્ટિટયુટ, ગાંધીનગરનું ખુબ જ ધગશ, ખંત અને મહેનતથી ઉત્તમ પરીણામ મેળવી ગૌરવ વધારેલ છે. આઈ.આઈ.ટી.માં પ્રવેશ માટે ૨૧૯મો રેન્ક મેળવી ટોપર્સની યાદીમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે જે બદલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ ગૌરવ સાથે શિવમ અને ડૉ. દંપતીને ખુબ ખુબ શુભેચ્છા પાઠવે છે.



શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. શહેરના સેકટર-૨૫ની સહકાર સોસાયટીમાં કુતરા માટે પોષણ રૂપિ આહાર લાડવા બનાવી તેમને ખવડાવવા સિનીયર સિટીઝન આગળ આવ્યા છે. આ પરંપરા વર્ષોથી ચાલુ છે. ગમે તેવી હાડમારી હોય પણ આ સિનીયર સિટીઝન યુવાનોને પણ શરમ આવે તેવું મહેનતનું કામ કરે છે. ધન્ય છે સેકટર-૨૫ના વડીલોને....

## રાજયકક્ષાની પહેલી ડુપ્લેક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રનર્સ અપ

**ગાંધીનગર ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશનના યજમાનપદે વિજાપુર ખાતે પહેલી ટુર્નામેન્ટ યોજાઇ : ૮ જિલ્લાની ટીમોએ ભાગ લીધો**

ગાંધીનગર, તા.૬
ગુજરાત રાજયમાં હવે વિવિધ રમતો વિકાસ પામી રહી છે, જે અંતર્ગત ગત રવિવારે વિજાપુર ખાતે પહેલી રાજયકક્ષાની ડુપ્લેક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સ્પર્ધા ગાંધીનગર ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશનના યજમાનપદે યોજાઈ હતી જેમાં નવસારીની ટીમ ચેમ્પિયન અને ગાંધીનગર જિલ્લાની ટીમ રનર્સ અપ બની હતી.

ગાંધીનગર ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીએશન દ્વારા રાજયકક્ષાની પ્રથમ ડુપ્લેક્ષ ક્રિકેટ ચેમ્પ્યનશીપ ૨૦૨૧ સ્પર્ધા વિજાપુર ખાતે તા.૩જી જાન્યુઆરીના રોજ યોજાઈ હતી જેમાં સ્પર્ધામાં ગુજરાત ડુપ્લેક્ષ ક્રિકેટ એસોશીયેશનના હોદ્દેદારો પ્રેસીડેન્ટ શશીમોહન ધુમાલ, વાઈસ પ્રેસીડેન્ટ ભગવાનભાઈ, સેક્રેટરી કમલસિંઘ, ટ્રેઝરર કુસુમ સિંઘ અને એડવાઈઝર વી.બી.દત્તા, જોઈન્ટ સેક્રેટરી મનમોહન વ્યાસ તથા અન્ય એસોશીયેશન મેમ્બર્સ તેમજ અતિથિપદે વિજાપુરની સેન્ટ જોસેફ સ્કુલ ટ્રસ્ટી અને



સ્વામીનારાયણ સ્કુલના આચાર્યએ સ્પર્ધામાં હાજરી આપી સ્પર્ધાની શરૂઆત કરવી હતી. રાજયકક્ષાની આ સ્પર્ધામાં કુલ ૮ જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો જેમાં નવસારીની ટીમ પ્રથમ નંબરે અને ગાંધીનગરની ટીમ દ્વિતીય નંબરે વિજેતા થવા પામી હતી. ગાંધીનગરની ટીમને ગાંધીનગર જિલ્લાના ડુપ્લેક્ષ ક્રિકેટ એસોસીયેશનના જનરલ સેક્રેટરી હાર્દિક રાઠોડ તેમજ તે ટીમના કોચ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્પર્ધાનું આયોજન હાર્દિક રાઠોડ અને જીતેન્દ્ર પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ નંબરે વિજેતા થયેલ નવસારીની ટીમ અને દ્વિતીય વિજેતા ગાંધીનગરની ટીમમાંથી પસંદગી પામેલ ખેલાડીઓ હવે આગળ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેશે. તમામ ભાગ લેનાર ખેલાડીઓનો, સ્ટાફનો, એસોસીએશનના તમામ મેમ્બરોનો તેમજ મહેમાનો, મહાનુભાવોનો સ્પર્ધાના સમાપને ગુજરાત રાજય ડુપ્લેક્ષ ક્રિકેટ એસોશીએશન દ્વારા શુભેચ્છા પાઠવી આભાર પાઠવવામાં આવ્યો હતો.

## કોરોના કાળમાં અનેક વાનગી સ્પર્ધામાં શહેરના વિણાબેન વોરા ઝળકયા





ગાંધીનગર, તા.૬
કોરોના કાળમાં શહેરની બહેનોએ પોતાના સ્કીલ ડેવલપ કર્યા છે અને આ સ્કીલ સાથે પ્રેકટીસ કરીને બહેનોએ પોતાના આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે ત્યારે શહેરના કુકીંગ માટે ઉત્સાહી એવા નિવૃત્ત શિક્ષક વીણાબેન વોરાએ પણ લાંબા બ્રેક બાદ તેમની સ્કીલમાં વધારો કરીને ઈનોવેટીવ વાનગીઓ બનાવી અલગ અલગ સ્પર્ધામાં વિજેતા બન્યા છે.

યુવતીઓ પોતાના પેશનને આગળ વધારે તેવું તો શહેરમાં બને છે પરંતુ શહેરની સેંટ ઝેવિયર્સ શાળાના નિવૃત્ત શિક્ષક કે જેમણે નિવૃત્તિ બાદ પણ નવી અનેક ઈતર પ્રવૃત્તિઓ કરવાનું ચાલુ જ રાખ્યું છે તેમની સાથે વાત કરતા તેઓ જણાવે છે કે, કુકીંગ તેમનું પેશન છે ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ તથા બેંક ઓફ બરોડા આયોજીત ઘણી સ્પર્ધામાં તેઓ સતત સાત વર્ષ સુધી વિજેતા બન્યા છે. નેશનલ લેવલ તથા સ્ત્રી અને સખી સાપ્તાહિક દ્વારા યોજાતી કુકિંગ સ્પર્ધામાં પણ ભાગ લઈ તે વિજેતા બન્યા છે. વિવિધ ન્યુઝ ચેનલમાં તેમનો રસોઈ શૉ પણ પ્રદર્શિત થયો છે.

હાલના તેમના કાર્યો વિશે વાત કરતા તેઓ વધુમાં જણાવે છે કે તેઓ નાના બાળકોને 'નો ફલેમ કુકીંગ' શીખવાડી રહ્યા છે અને વિવિધ સંસ્થાઓ દ્વારા તેમના દ્વારા કુકીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. હાલમાં જ ઓનલાઈન ૩૦ મિનિટ કુકીંગ સ્પર્ધામાં ભાગ લઈ તેઓ વિજેતા બન્યા છે.

## સિવિલમાંથી સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ ડૉ. દિનકર ગોસ્વામીનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૬
સીવીલ હોસ્પિટલ, ગાંધીનગરમાં ફરજ બજાવતા ફીઝીશીયન ડૉ.દિનકર ગોસ્વામી સરકારી સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્ત થયા છે અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપી રહ્યા છે. ગાંધીનગર શહેરના એક ઉત્તમ ફીઝીશીયન તરીકેની સેવાઓ બાદ નિવૃત્ત થયેલા ડૉ. દિનકર ગોસ્વામીનું જાણીતા કર્મશીલ ભાનુભાઈ દવેએ શુભેચ્છા સન્માન કર્યુ હતું. ઉપરાંત ગુજરાત બરોડા ગ્રામીણ બેંકના મેનેજર પ્રદીપભાઈ સોલંકીએ ડૉ.ગોસ્વામીને શુભેચ્છાઓ આપી હતી. ડૉ.ગોસ્વામીએ નામ. રાજયપાલશ્રીના ફીઝીશીયન તરીકે સેવાઓ આપી છે. ઉપરાંત રાજયના મુખ્યમંત્રીશ્રીઓ, વી.આઈ.પી.ઓને સેવા આપી છે. ડૉ.ગોસ્વામી સ્વભાવે મિલનસાર મધ્યમ અને ગરીબ વર્ગમાં તબીબ તરીકે ખૂબ જ લોકપ્રિય રહ્યા છે. કોરોના દરમ્યાનની તેમની સેવાઓ હંમેશા યાદ રહેશે. આ પ્રસંગે ડૉ.જયદીપ ગઢવી, એસોસીએટસ પ્રોફેસર અને સર્જન GMERS અને મદદ. આર.એમ.ઓ. ડૉ.કલ્પેશ પરીખ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરમાં કોબા સ્થિત શ્રી કમલમ્ કાર્યાલય ખાતે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા તેમના બુથ નંબર ૧૮૦ની પેજ સમિતિઓની રચના કરીને ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી આર પાટીલને સુપ્રત કરવામાં આવી હતી. આ તકે શ્રી સી આર પાટીલે જણાવ્યુ હતું કે શ્રી રીટાબેન પટેલ દ્વારા ગાંધીનગર મહાનગર ભાજપના કાર્યકર્તાઓ માટે પ્રોત્સાહનરુપ ઉદાહરણ પુરુ પાડવામાં આવ્યું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પટેલ શાંતાબેન હરિભાઈ, ઉ.વ. ૮૧, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ સુરજબેન મણીભાઈ, ઉ.વ. ૯૩, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ જીવણભાઈ રેવાભાઈ, ઉ.વ. ૮૨, દોલારાણા વાસણા, તા. ગાંધીનગર
- સ્વ. તરૂબેન પ્રકાશભાઈ પટેલ, ઉ.વ. ૭૦, બોરીસણા, તા. કલોલ
- સ્વ. ઠાકોર બચુજી ચંદુજી, ઉ.વ. ૬૧, ચિલોડા મોટા, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પરમાર નટવરભાઈ લલ્લુભાઈ, ઉ.વ. ૭૬, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. માધવલાલ મગનલાલ પટેલ, ઉ.વ. ૮૪, રાયસણ, તા. ગાંધીનગર
- સ્વ. સીકડિયા પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૬, વસાઈ (ડાભલા), મહેસાણા
- સ્વ. ત્રિવેદી ઉન્મેશ હરીવદન, ઉ.વ. ૫૩, સેકટર-૮, ગાંધીનગર

# શાળાઓ શરૂ કરવાનો નિર્ણય વાલીઓ માટે મુંઝવણ વધારનારો સાબિત થશે?

**શાળામાં સલામતીના કેવા પગલાં લેવાશેથી માંડીને ચંચળ મનના બાળકો ગાઈડલાઈનનું કેટલી ગંભીરતાથી પાલન કરશે તે બાબતે અવઢવ**

ગાંધીનગર, તા.૬
ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૧૧મી જાન્યુઆરીથી ધો-૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે જેને પગલે વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. કોરોના મહામારીમાં લાંબા સમય સુધી શાળાઓ બંધ રહેવાને કારણે સરકારનો આ નિર્ણય કેટલો સ્વીકાર્ય બનશે તે તો સમય જ કહેશે પરંતુ બાળકને શાળાએ મોકલવા માટે વાલીઓએ સંમતિપત્ર આપવાનો છે તે બાબતે તેમજ શાળામાં બાળકોની સલામતીના પગલાં કેવા અને કેટલાં અસરકારક લેવાશે તેવા સવાલો પણ ઉઠવા પામી રહ્યા છે કેમકે જયાં ખુદ મુખ્યમંત્રી બેસે છે તેવા સ્વર્ણિમ સંકુલ ખાતેના સીએમ કાર્યાલયમાં પણ છેલ્લાં ચારેક દિવસથી સંક્રમણ વધવા પામ્યું છે. આ સ્થિતમાં શાળામાં સલામતીના પગલાં અંગે વાલીઓને માહિતગાર કરવા જરૂરી બનશે.

કોરોના કાળના પ્રારંભે જ લૉકડાઉન સાથે બંધ થયેલી શાળાઓ ખોલવા માટે લાંબા સમયથી ગજગ્રાહ જેવી સ્થિતિ સર્જાઈ હતી. કયાંક વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલવા તૈયાર નહોતા તો કયાંક સરકાર કોઈ જોખમ ખેડવા તૈયાર નહોતી. દેશભરમાં કોરોના સંક્રમણને પગલે શાળાઓ બંધ હતી પરંતુ તાજેતરમાં કેરળ, કર્ણાટક અને બિહાર જેવા રાજયોમાં શાળાઓ ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેનો અનુભવ સકારાત્મક પ્રાપ્ત થયો નથી. જેના પગલે ગુજરાતના વાલીઓ પણ ચિંતાતુર જણાય છે. વળી, સરકારે શાળાઓમાં હાજરી ફરજિયાત નથી કરી પરંતુ જે બાળક શાળાએ આવે તેના માટે સલામતીના પગલાં લેવાશે પરંતુ તે સાથે વાલીએ પણ સંમતિપત્ર આપવો પડશે તેવું જણાવ્યું છે જેને કારણે પણ વાલીઓ મુંઝારો અનુભવી રહ્યા છે કે સંમતિ પત્ર આપવું કે નહી. ના કરે નારાયણને જો બાળક સંક્રમણનો ભોગ બને તો વાલીની સંમતિના કારણે દોષનો ટોપલો વાલીના શિરે જ તો નહીં આવે ને? સરકાર શાળાઓ ફરી શરૂ થઈ જાય અને પહેલાં જેવું નિયમિત વાતાવરણ સર્જાય તેવું ઈચ્છતી હોય તો તે મુશ્કેલ છે. અને શાળામાં બાળકોની સલામતી માટે સરકાર કેવા પગલાં લેશે તેની માહિતી વાલીઓને પણ મળવી જોઈએ તે હિતાવહ જણાય છે. બાળકો તો મોટે ભાગે સ્વભાવે ચંચળ જ હોય છે અને આ ચંચળતામાં તેઓ ગાઈડલાઈનનું કેટલી ગંભીરતાથી પાલન કરશે? લાંબા સમય સુધી બંધ રહેલી શાળાઓ ખુલતાં પોતાના સહઅધ્યાયી મિત્રોને મળીને બાળકો સલામતીની દરકાર ગંભીરતાથી કરશે તે માની લેવું ભૂલ ભરેલું લાગે છે. વળી, ઘણા વિદ્યાર્થીઓને તો ઓનલાઈન શિક્ષણની આદત માફક આવી ગઈ હોવાથી તેઓ શાળાએ જવા તૈયાર થાય તે પણ અઘરું જણાય છે. આ સ્થિતિમાં સરકારનો નિર્ણય વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મુંઝવણ વધારનારો સાબિત થશે તેવું લાગી રહ્યું છે.